


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૩-૧-૨૦૨૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૧૩ વર્ષ : ૨૮ અંક ૧૩૯

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

# અમરેલીમાં આજે ભાજપનું લોકસભા ચૂંટણી કાર્યાલય ખુલ્લુ મુકાશે

## શ્રી કૌશિક વેકરીયા અને શ્રી મહેશ કસવાલાની ઉપસ્થિતીમાં ચુંટણી કાર્યાલયનો શુભારંભ કરવામાં આવશે : રાજ્યમાં ૨૬ બેઠકોનાં કાર્યાલયનો આજથી પ્રારંભ



અમરેલી,આગામી લોકસભા ચુંટણી ૨૦૨૪ ની તૈયારી માટે કેન્દ્રીય ભાજપ ની યોજના મુજબ ગુજરાત પ્રદેશનાં તમામ ૨૬ લોકસભા સીટોનાં મધ્યસ્થ ચુંટણી કાર્યાલય ના ઉદ્ઘાટન છે. તેમની સાથેજ અમરેલી લોકસભાના ચુંટણી કાર્યાલયનુંઉદ્ઘાટનતા.૨૩/૦૧/૨૦૨૪ નેમંગળવારનારોજસવારે૯ઃ૩૦કલાકે રાખેલ છે. ચુંટણી કાર્યાલય નાં ભવ્ય ઉદ્ઘાટન કાર્યક્રમને વર્ચુઅલ રીતે રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ જે.પી.નડા ,પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ ,મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સંબોધન કરશે.ચુંટણી કાર્યાલય નાંઉદ્ઘાટન કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી પરશોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે ,નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા ,ઈફકોનાં ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી,પૂર્વમંત્રી શ્રી હકુભા જાડેજા ,સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા તમામ ધારાસભ્યો શ્રી મહેશભાઈ કસવાળા ,શ્રી હીરાભાઈ સોલંકી ,શ્રી જે.વી. કાકડિયા ,શ્રી જનકભાઈ તળાવીયા ,શ્રી શીવાભાઈ ગોહિલ ,જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા ,જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા ,આર.સી.મકવાણા ,ભાવનગર જી.બેંક ચેરમેન કેશુભાઈ નાકરાણી,ચુંટણી ઈન્ચાર્જ શ્રી પુનાભાઈ ગજેરા ,જીલ્લા મહામંત્રી શ્રી મેહુલભાઈ ધોરાજીયા

(અનુ.પાના નં.૪)

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮




આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com



પ્રવેશ જાહેરાત 2024/25
જવાહર નવોદય & સૈનિક સ્કૂલ તાલીમ વર્ગ
પ્રવેશ પરીક્ષાની તૈયારી હોસ્ટેલ સાથે
હોસ્ટેલ ભાઇઓ તથા બહેનો માટે
ધો. 3,4,5,6,7,8 માટે પ્રવેશ શરૂ.....
ગુજરાતની નંબર 1 સંસ્થા
અમરેલી
લાઠી રોડ,બાયપાસ ચોકડી પાસે
ટ્યુશન કલાસ સ્કૂલનું શિક્ષણ સૈનિક સ્કૂલ સાથે
(CET)
● સૈનિક સ્કૂલ
● જ્ઞાનશક્તિ સ્કૂલ
● રક્ષાશક્તિ
● મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ
રોહિત જોષી
Mo.94294 33031, 9067 606698
રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત : 94294 33031

બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫,૨૯૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ
સુપર મેગા ઓફર સ્કીમ
રૂા.૧,૦૦,૦૦૦/- નું રોકાણ કરો તો ૧૪ માસે મળવા પાત્ર રૂા.૨,૦૦,૦૦૦/-
(તા.૧-૨-૨૦૨૪ થી તા.૩૧-૩-૨૦૨૫)
આ સ્કીમ તા.૨૩-૧-૨૦૨૪ થી ૩૧-૧-૨૦૨૪ સુધી જ લાગુ પડશે
(આ ફંડનું રોકાણ શેરબજાર તથા ઇન્વેસ્ટમેન્ટને આધિન રહેશે)
સંપર્ક :- પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, લાઇબ્રેરી સામે, અમરેલી
પ્રો.વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી.ચાવડા મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦
વિશ્વાસ પ્રોફીટ તમારા અને સફળતા અમારી
શરતોને આધિન/-*

હાર્દિક અભિનંદન
મહા મહિમ રાજપાલ શોભતા કરકમળ દિયા સેવા એવોર્ડ ''ભારત ભુષણ'' મહેશને



મહેશભાઇ મહેતા
ભારત ભૂષણ
ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ના હસ્તે નિતી આયોગ
''ભારત ભૂષણ''
એવોર્ડ મળવા બદલ
શ્રી મહેશભાઇ મહેતા
ને ખુબ ખુબ અભિનંદન.
-:: શુભેચ્છક ::-
નિખીલ જી.બારોટ - હિરેન એમ.બારોટ
અભિરાજ પી.બારોટ
સ્વ. કાનજીબાપા બારોટ પરિવાર ચલાલા

મહેતા પરિવારનું ગૌરવ



ડો. અમિત મહેતા
Ph.D. in Industry 4.0
(AI & Automation)
Heartiest Congratulations !
'' તુજે સુરજ કહુ યા ચંદા, તુજે દિપ કહું યા તારા,
હમારા નામ કરેગા રોશન, જગમે હમારા રાજ દુલારા ''
-:: શુભેચ્છક ::-
ડો.રસીકભાઇ મહેતા - શ્રીમતી મીનાક્ષીબેન મહેતા
શ્રીમતી શોભનાબેન મહેતા - શ્રી શૈલેષભાઇ મહેતા
શ્રીમતી વિશાખાબેન મહેતા - ડો.ગીરીશભાઇ મહેતા
શ્રીમતી ઉર્વીબેન (વર્ષા) વ્યાસ - શ્રી નૈષધભાઇ વ્યાસ
શ્રીમતી દિપ્તીબેન મહેતા
અખિલ મહેતા, અમન મહેતા
યથાર્થ વ્યાસ, સાર્થક મહેતા



## અયોધ્યામાં રામ પ્રાણ પ્રતિષ્ઠાના સમયે રામમય બનતું અમરેલી

# અમરેલી બન્યું અવધ : જિલ્લો સ્વંયભુ બંધ : સર્વત્ર આનંદ

### અમરેલીમાં દરેક મંદિરોમાં હવન યજ્ઞ, પૂજન અર્ચન, મહાપ્રસાદ, આરતી, હનુમાન ચાલીસા સહિતના કાર્યક્રમોમાં જનમેદની ઉમટી : શહેરમાં વિરાટ શોભાયાત્રાઓ ડીજેના તાલે યોજાઇ

### અમરેલીના રામજી મંદિરે ડાયાબિટીસ કેમ્પ, રક્તદાન કેમ્પ સહિત સેવા કાર્યો યોજાયા નવી નવેલી દુલ્હનની જેમ અમરેલી શહેરને સોળેશણગારથી ભાવિકોએ શણગાર્યુ









































અમરેલી,

અયોધ્યામાં રામ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાને પગલે અમરેલીએ પણ નવીનવેલી દુલ્હનની જેમ સોળેશણગાર સજી ભગવાનશ્રી રામના વધામણા કર્યા હતાં. અમરેલીના વેપારીઓએ પણ સ્વંયભુ ધંધા રોજગાર બંધ રાખી પ્રતિષ્ઠા કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. અમરેલી શહેરમાં ઠેર ઠેર ધજા પતાકા, કમાનો, ફ્લ્ટો સાથે ઠેર ઠેરથી ભગવાનશ્રીરામની વિરાટ શોભાયાત્રાઓ નિકળી હતી તેમાં રામ ભકતો વિશાળ સંખ્યામાં જોડાયા હતાં. શહેરના રામજી મંદિરે ડાયાબિટીશ કેમ્પ સાથે રકતદાન કેમ્પ યોજી લાઈવ પ્રસારણ નિહાળવા વ્યવસ્થા ગોઠવી હતી.

શહેરના હઠીલા હનુમાન, નગાનાથ મંદિર રૂપમ નજીક એલઆઈસી ઓફિસ પાસે હનુમાનજી મંદિરે તથા તમામ મંદિરોમાં મહાઆરતી પ્રસાસ, યજ્ઞ, પુજન અર્ચન, સહિત કાર્યક્રમો યોજાયા હતાં. અને લોકો રામમય બન્યા હતાં. દિવસભર અનેરો ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.


**શેડ ભાડેથી જોઇએ છે**

૨૨૦૦ ફુટ ઉપર અમરેલીની આજુબાજુ ઇન્ડસ્ટ્રીઅલ એરિયામાં લાઇટ પાણી ની સુવિધાવાળો શેડ ભાડે જોઇએ છે સંપુર્ણ વિગત સાથે વોટ્સએપ કરો માપ, સાઇઝ, એરિયા, સુવિધા વિગેરે

સંપર્ક : મો.૭૦૪૬૬ ૫૮૪૫૦

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**અવધ ટાઇમ્સ**

ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર

ચમત્કારીક પરિણામો મેળવવા માટે

આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**ભાડે આપવાનો છે**

બગસરામાં SBI બેંક પાસે નવા બાંધકામવાળો હોલ ભાડે આપવાનો છે બેંક, મંડળી, હોસ્પિટલ, ગેસ્ટહાઉસ, હોટલ તેમજ રેસ્ટોરન્ટ થઇ શકે તેવો હોલ ભાડે આપવાનો છે

હોલની જગ્યા સ્કવેર ફીટ માપ

ગ્રાઉન્ડ ફલોર - ૨૦૦૦ સ્કવેર ફીટ

ફર્સ્ટ ફલોર - ૩૩૫૦ સ્કવેર ફીટ

નોંધ : પાણી અને પાર્કિંગની સુવિધા સાથે

સંપર્ક : મો.૯૨૬૫૨ ૯૫૪૮૧

## અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને શ્રી દિલીપભાઇ સંઘાણીનાં વતન એવા

# માળીલામાં અયોધ્યા જેવો માહોલ સર્જાયો : ભવ્ય શોભાયાત્રા

### અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા અનુલક્ષીને અમરેલીનાં માળીલા ગામના રામજી મંદિરે મહાઆરતી અને ધર્મસભા અને ગામ ધુમાડાબંધ ભોજનનું આયોજન

### શ્રી દિલીપભાઇ સંઘાણી સહિત રાજકીય, સહકારી આગેવાનો ગ્રામજનોની વિરાટ ઉપસ્થિતીમાં ભગવાન શ્રી રામના ઉત્સાહભેર વધામણા કરાયાં



અમરેલી,
અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને દિગ્ગજ સહકારી નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીના વતન એવા માળીલા ગામે પણ ઉજવણી કરી અયોધ્યા જેવો માહોલ સર્જી દીધો હતો માળીલામાં ભવ્ય શોભાયાત્રા, ધર્મસભા, મહાઆરતી સાથે ગામ ધુમાડાબંધનું પણ આયોજન થયુ હતુ. અમરેલી જિલ્લાના માળીલા ગામ ખાતે પૂર્વ મંત્રી ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી એ સહ પરિવાર સાથે માળીલા ગામમાં શોભાયાત્રામાં જોડાયા હતા. માળીલામાં રામજી મંદિરે મહાઆરતી તેમજ ધર્મસભા અને ગામ ધુવાડાબંધનું આયોજન કરવામાં આવેલ હતું.
આ કાર્યક્રમમાં ગ્રામજનો હરખભેર જોડાયા હતા અને ભગવાન રામ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી.

### બગસરા નાગરિક શરાફી મંડળી દ્વારા ઓરકેસ્ટ્રાનો કાર્યક્રમ : મહાઆરતી યોજાઈ

# બગસરા શહેર બન્યું અયોધ્યા ધામ

# ઠેર ઠેર રંગોળી, મંદિરો સુશોભિત કરાયા

### સૌરાષ્ટ્ર નાગરિક મંડળી દ્વારા પ્રોજેક્ટર મૂકી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ લાઈવ દર્શાવાયો



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)
અયોધ્યામા મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી હતી ત્યારે દેસ અને વિદેશમાં પણ આ મહોત્સવ પ્રસંગે અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા ત્યારે બગસરા શહેરમાં આજ રોજ સવારથી ભરચક અનેક ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને બગસરા શહેર બન્યું હતું અયોધ્યા ધામ આજ બપોરનાં અયોધ્યામાં રામ લલ્લાંની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે રામ લલ્લાંને જન્મ ભૂમિમાં ૪૯૬વર્ષ બાદ નૂતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તેને અનુંલક્ષી બગસરા શહેરે સ્વયંભૂ બંધ પાળ્યું હતું અને આ શદીની અદભુત ઘટનાના સાક્ષી બનેલ તે વેળા એ આજરોજ સવારમાં સુંદરકાંડ પરિવાર દ્વારા રામદેવપીર મંદિર ગોકુળપરામાથી પ્રભાત ફેરી નીકળેલ જે બગસરા મદન મોહનલાલજીની હવેલી સ્થગિત કરી હતી જ્યાં સુંદરકાંડ પરિવારના રામાયણીક શ્રીચંદ્રહાસભાઈએ અયોધ્યામાં થઈ રહેલ પ્રાણ પ્રતિષ્ઠાને સનાતન ધર્મની ધરોહળ ગણાવી હતી તો બગસરા મદન મોહનલાલજી હવેલી ના ગો.પૂ.પ.ચિ. રાસેશ્વર બાવશ્રીએ કાર્યક્રમ અનુસંગીત વ્યાખ્યાન કરેલ ત્યારબાદ બગસરાની દરેક બજારોમાં રંગોળીઓ અને દીવડાઓ કરવામાં આવ્યા હતાતો સનાતન ધર્મના દરેક મંદિરો શણગારવામાં આવ્યા હતા તેમજ સૌરાષ્ટ્ર નાગરિક મંડળી દ્વારા પ્રોજેક્ટર મૂકી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લાઈવ કરી પ્રજાજનોને અયોધ્યામાં પહોંચાડી દીધા હતા તેમજ બગસરા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા બપોરનાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જે બગસરાના ગોંડલીયા ચોક ખાતે પૂર્ણ કરેલ જ્યાં બગસરા નાગરિક મંડળી દ્વારા ભવ્ય ઓરકેસ્ટ્રાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં સાંજે મહાઆરતી ફટાકડાની આતિસબાજી કરવામાં આવી હતી તેમજ વિજય ચોક ગ્રુપ દ્વારા ભવ્ય રંગોળી બનાવી અને તેમાં દીવડા ગોઠવી દીપોત્સવ મનાવવામાં આવ્યો હતો આમ બગસરા શહેર આજે આયોધ્યાધામ બન્યું હતુ

## લાઠી એસબીઆઇનું એટીએમ શોભાના ગાંઠિયા સમાન



લાઠી, (વિશાલ ડોડીયા) લાઠી શહેરની અંદર એસબીઆઈ બેન્કનું એટીએમ છેલ્લા ત્રણ ચાર દિવસથી બંધ હાલતમાં જોવા મળી રહ્યું છે જમૈ ના હજારો ગ્રાહકો હેરાન પરેશાન જોવા મળી રહ્યા છે બીજી બેંકનું એટીએમ ત્રણ વારથી વધારે યુઝ કરવામાં આવે તો ચાજીર્સ લાગે છે આ અંગે જમૈ ના મેનેજરને અનેકવાર રજૂઆત કરવા હોવા છતાં કોઈપણ નિવારણ આવતું નથી ગામના લોકો હેરાન પરેશાન જોવા મળી રહ્યા છે

# અમરેલીના જાળીયામાં ભગવાન શ્રી રામની શોભાયાત્રા નીકળી

### સમગ્ર ગામ રામમય બન્યું : અયોધ્યા જેવો માહોલ સર્જાયો : અનેરો ધાર્મિક માહોલ



અમરેલી,
ઉત્તરપ્રદેશ સ્થિત અયોધ્યામાં નવનિર્મિત રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને સમગ્ર દેશ રામમય બન્યો છે. બાળકોથી લઈને સૌ કોઈ રામલલ્લાના ગુણગાન કરી રહ્યા છે. સમગ્ર ભારતવર્ષ અનેક વર્ષોથી આ દિવ્ય ક્ષણોના સાક્ષી બનવા માટે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું હતુ. દેશના ચારેય ખુણે ઉત્તરથી લઈને દક્ષિણ અને પૂર્વથી લઈને પશ્ચિમ સુધી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.
ત્યારે અમરેલી જિલ્લામાં પણ ઠેર ઠેર શોભાયાત્રાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતુ. આવુજ એક સુંદર આયોજન અમરેલી તાલુકા ના જાળિયા મુકામે ગ્રામજનોએ શોભાયાત્રાનું આયોજન હાથ ધર્યું હતુ. રામજી મંદીર થી શોભાયાત્રા જય જય શ્રી રામ ના ગગનભેદી નારા સાથે નીકળી સમગ્ર ગામમાં ફરી હતી. સૌ જાળિયા નિવાસીઓ હર્ષોલ્લાસથી આ યાત્રામાં જોડાયા હતા. ઉપરાંત જાળિયા ગ્રામજનોએ રામ મંદિર નિર્માણને લઈને બાળ સ્વરૂપ રામલલ્લાને વધાવ્યા હતા.

### અવસાન નોંધ

દામનગર
વિકળીયા નિવાસી હાલ દામનગર ગીરધરભાઈ કાળુભાઈ ચૌહાણ ઉ.વ. ૬૫ તે જીણાભાઈ, વિનુભાઈ, ઘનશ્યામભાઈ, પ્રભાબેન જયસુખકુમાર દરેડ, સંગીતાબેન જીતુકુમાર બોટાદના મોટાભાઈ, રમેશભાઈ, શૈલેષભાઈ, ઈલાબેન મહેશકુમાર બોટાદ, પારૂલબેન કિર્તીકુમાર પાલીતાણાના પિતાશ્રી, રાજ અને પાર્થના દાદા, સ્વ. પરશોતમભાઈ, સ્વ.ભુપતભાઈ તથા ચંદુભાઈ મતિરાળા વાળાના બનીવેનું તા. ૨૨-૧-૨૪ને સોમવારે રામ ચરણ પામેલ છે. સદગતનું બેસણુ તા. ૨૫-૧-૨૪ને ગુરૂવારે સવારના ૯-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી અમારા નિવાસસ્થાન પટેલ શેરી, વિરજીભાઈ ચોક દામનગર મુકામે રાખેલ છે.

### CHANGE OF NAME

I hereby declare YOGESH PARSOTAMBHAI SAVANIYA that I have changed my name from YOGESHKUMAR PARSOTAMBHAI SAVANIYA to YOGESH PARSOTAMBHAI SAVANIYA (new). And henceforth I shall be known as YOGESH PARSOTAMBHAI SAVANIYA (New).
Signature: YOGESH PARSOTAMBHAI SAVANIYA
Address : Village Lodhwa, District Gir Somnath, State Gujarat - 362275

### નામ બદલાવેલ છે

આથી હું યોગેશ પરસોતમભાઇ સવનીયા જાહેર કરૂ છુ કે મે મારૂ નામ યોગેશકુમાર પરસોતમભાઇ સવનીયા માંથી બદલાવીને યોગેશ પરસોતમભાઇ સવનીયા (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું યોગેશ પરસોતમભાઇ સવનીયા (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : યોગેશ પરસોતમભાઇ સવનીયા
એડ્રેસ : ગામ લોઢવા, જી.ગીર સોમનાથ, રાજ્ય ગુજરાત - ૩૬૨૨૭૫

### આરોપીઓએ રેકી કરીને ચોરી કરી હોવાની શક્યતા

# ઝાંઝરડા ગામે રહેણાંક મકાનમાંથી ધોળા દિવસે રૂપીયા ૩.૪૮ લાખની મત્તાની ચોરી

### રૂમનું તાળું તોડી સોનાના આભૂષણો અને રોકડ રકમ ઉપાડી ગયા

અમરેલી
રાજુલાના ઝાંઝરડા ગામે રહેણાંક મકાનમાં ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યા હતા અને રૂ.૩.૪૮ લાખના સોનાના આભૂષણો તથા નજીવી રોકડ રકમની ચોરી કરીને લઈ ગયા હતા. ધોળા દિવસે લાખોની ચોરીની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે.
રાજુલાના ઝાંઝરડા ગામે ચારોડીયા રોડ પર આવેલા નાથાભાઈ લાખાભાઈ લાખણોત્રા ઉ.વ.૪૨ ધંધો.ખેતીના મકાનમાં દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી તેના રૂમનુ તાળુ તોડી રૂમમા રાખેલ કબાટનું બારણુ તોડી તેમાં રાખેલ સોનાનો હાર આશરે સાડા ત્રણ તોલા જેની આશરે જુની કી.રૂ.૧,૮૦,૦૦૦, સોનાના માથામા પેરવાના ટીકા નંગ-૦૨ આશરે ૦૬ ગ્રામ જેની જુની કી.રૂ.૨૦,૦૦૦, સોનાની બુટી જોડ ૨ આશરે ૭ ગ્રામ જેની આશરે જુની કી.રૂ.૨૧,૦૦૦, સોનાના વેઢલા (કરડા) નંગ ૦૪ આશરે બે તોલા જેની જુની કી.રૂ.૫૦,૦૦૦, સોનાની વીટી નંગ ૦૨ આશરે ૦૬ ગ્રામની જેની જુની કિ.રૂ.૧૨,૦૦૦, સોનાની કાનની કડી જોડ ૩ આશરે ૦૮ ગ્રામની જેની જુની કિ.રૂ.૧૫,૦૦૦, સોનાની ગળાની માંદરડી આશરે ૦૩ ગ્રામ જેની કિ.રૂ.૮૦૦૦, ચાંદીનો કેડનો કંદોરો નંગ ૦૧ આશરે ૨૦૦ ગ્રામ કિ.રૂ.૨,૫૦૦, ચાંદીની ઝાંઝરી બે જોડી આશરે ૨૦૦ ગ્રામ કિ.રૂ.૨૫૦૦, ચાંદીના હાથના છાપડા તથા પગના બોરીયા ૦૧ જોડ તથા ચાંદીનુ કડુ તથા ચાંદીની લકી આશરે ૧૫૦ ગ્રામ કિ.રૂ.૨૦૦૦ રોકડા રૂપીયા ૩૫,૦૦૦/- એમ કુલ કિ.રૂ.૩,૪૮,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.









ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૨૩-૧-૨૦૨૪ મંગળવાર

રોયલ ફેબ્રીકેશન
ગ્રીલ, જાળી, દરવાજા, રજવાડી ગેટ, છાપરાનું કામ કરનાર તેમજ મજુરીથી કામ કરનાર
સંપર્ક :- ફૈસલ સુમરા
મો.૮૭૫૮૯ ૮૭૭૪૮ - ૬૩૫૧૭ ૧૪૮૩૬
ચાંદની ચોક, અમરેલી

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## પિપાવાવ લિપ એગ્રી લોજીસ્ટીક પ્રા.લી દ્વારા ગેરરિતી થયાનો ગૌ પાલક પર્યાવરણ વન્ય અને દરિયાઇ જીવ રક્ષક ટ્રસ્ટનો આરોપ

# લીલીયામાં સરકારી જમીનમાં દબાણ : લેન્ડગ્રેબીંગ થશે ?

### લીલીયામાં સાઇલો ઉભા કરાયાં : અલગ અલગ દસ્તાવેજથી જમનીનોની ખરીદી કરી : બિનઅધિકૃત ઉપયોગ કર્યો

### રેલ ટ્રેક બનાવી સરકારી જમીનનો અનધિકૃત વાણિજયક હેતુ ઉપયોગ

### સરકારી પડતર પશુધન ચરીયાણની જમીનમાં પણ ગેરરિતી આચરતા કલેકટરને રજુઆત કરી : તપાસની માંગ ઉઠાવી




અમરેલી,પિપાવાવલિપએગ્રીલોજીસ્ટીક પ્રા.લિ દ્વારા મોટા લીલીયામાં સરકારી પડતર પશુધન ચરીયાણની જમીનમાં ગેરરિતી આચરવામાં આવતા ગૌ પાલક પર્યાવરણ વન્ય અને દરિયાઇ જીવ રક્ષક ટ્રસ્ટદ્વારા કલેકટરને રજુઆત કરીછે અને કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે લીલીયામાં સર્વેનં. ૨૦૯, ૨૦૮, ૨૦૬ ,૨૦૦ અને ૨૧૨ સહિતના સર્વે નંબરોમાં જમીનનું કુલ ૧૧.૫૨ ક્ષેત્રફળ છે. જેમાં જમીનો ખરીદીને બિનખેતી વાણિજયક ઉપયોગ કરવામાં આવેલ છે. આ જમીન તથા રેલ્વે ટ્રેક વચ્ચે ગાડા માર્ગ પસાર થતો હતો અને તે સરકારી પડતર પશુધન ચરીયાણ માટે ઉપયોગમાં લેવાતી જમીન હતી. આ જમીન કંપની દ્વારા કોઇપણ મંજુરી વગર દબાણ કરાયેલ છે. તથા આસપાસના ખેડૂતોને ગૌ પાલકો દ્વારા વર્ષોથી વાપરવામાં આવતો રસ્તો કંપની દ્વારા અચાનક પચાવી પાડવામાં આવેલ છે. આ જમીનમાં સરકારની કોઇ મંજુરી વગર કાયમી બાંધકામ કરવામાં આવેલ છે. તથા રેલ્વે ટ્રેક બનાવી સરકારી જમીનનો અનઅધિકૃત રીતે વાણિજયક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગાડા માર્ગમાં સરકારી પડતર ચરીયાણ જમીનમાં પોતાના ઉપયોગ માટે બ્રોડગેજ લાઇન નાખવામાં આવેલ છે. આ જગ્યાનો ગ્રામજનો અને ગૌ પાલકો દ્વારા જાહેર માર્ગ તરીકે ઉપયોગમાં લેવામાં આવતી હોય. લોકોની સુરક્ષા માટે કોઇ ફાટક ક્રોસિંગ પણ લગાવામાં આવેલ નથી. તેથી મોટી દુર્ઘટનાની શકયતાને નકારી ન શકાય. ઉપરોકત રેવન્યું સર્વે નંબરની ઉત્તોર નોંધ ચકાસતા લીલીયા ગામના નમુના નં. ૬ની નોંધ નં૩૪૦ મુજબ આ જમીનો તત્કાલીન સૌરાષ્ટ્ર ટુકડા ધારા હેઠળ સમાવેશ થયેલ હતો જેમાંથી અમુક સર્વે નંબરમાં ટુકડાધારાનો કેસ પણ આવેલ છે. સરકાર દ્વારા સુક્ષમ ખેડૂતોની જમીનોમાં ટુકડા પાડવા આટકાવા તથા તેની બાગાયતી હેતુ ઉપયોગ માટે કાયદાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કેસમાં સક્ષમ અધિકારીઓની કોઇપણ પ્રકારની મંજુરી વગર જમીનનું વહેંચાણ અને બિનખેતી થયેલ છે. આમ કંપની દ્વારા ગેરરિતી બાબતે પગલા લઇ સરકારી પડતર પશુધન ચરીયાણની જમીન ખુલ્લી કરવા માંગણી કરી છે. ગ્રામપંચાયત દ્વારા અનઅધિકૃત સરકારી સીમતળ જમીનમાં વાણિજયક હેતુમાં ઉપયોગ કરવા એનોસી પણ આપેલ છે. અન્ય ઠરાવો પણ કરવામાં આવ્યા છે. જે બાબતે પગલા લેવા ગૌ પાલક પર્યાવરણ વન્ય અને દરિયાઇ જીવ રક્ષક ટ્રસ્ટ દ્વારા રજુઆતમાં જણાવાયું હોવાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

### જિલ્લા બજરંગ દળના અધ્યક્ષ શ્રી વિદુર ડાબસરા દ્વારા લેવાયેલો નિર્ણય

## અમરેલી જિલ્લા બજરંગ દળ ગૌરક્ષક સમિતીના અધ્યક્ષ પદે શ્રી રાજેન્દ્ર ધાખડાની વરણી કરાઇ

### શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી મુકેશભાઇ સંઘાણીની ઉપસ્થિતિમાં થયેલી વરણીને આવકાર



અમરેલી,અમરેલી જિલ્લા બજરંગ દળ ગૌરક્ષક સમિતિના અધ્યક્ષ તરીકે શ્રી રાજેન્દ્ર ધાખડાની વરણી કરવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ શ્રી ઈતેશ મહેતા અને જિલ્લા બજરંગ દળના અધ્યક્ષ શ્રી વિદુર ડાબસરા દ્વારા કરવામાં આવેલ આ વરણીને સર્વેએ આવકારી હતી. આ પ્રસંગે ઇફકોના ચેરમેનશ્રી દિલીપભાઇ સંઘાણી, નાયબ દંડકશ્રી કૌશિકભાઇ વેકરીયા, અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઇ સાવલીયા, સારહિ કલબના શ્રી મુકેશભાઇ સંઘાણી, શ્રી ભગીરથભાઇ ત્રિવેદી, શ્રી મનિષભાઇ સંઘાણી , શ્રી તુષારભાઇ જોષી, શ્રી મેહુલભાઇ ધોરાજીયા, પાલિકા પ્રમુખશ્રી બિપીનભાઇ લીંબાણી, શ્રી દિલાભાઇ વાળા, શ્રી મનીષભાઇ ધરજીયા, શ્રી શનિભાઇ ડાબસરા અને વિશ્વ હિન્દુ પરિષદના શ્રી રશ્મિનભાઇ ત્રિવેદી, શ્રી પ્રકાશભાઇ રાજગોર, શ્રી અશોકભાઇ તનવાણી, શ્રી પ્રતાપસિંહ રાઠોડ, શ્રી વિજયભાઇ દેસાઇ, શ્રી જતિનભાઇ શેઠ, શ્રી કૃષાણભાઇ વ્યાસ બજરંગ દળના જિલ્લા ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઇ વાઢેલ, શ્રી જીગીસુ મહેતા, શહેર સંયોજક શ્રી મહાવીરભાઇ વિંછીયા, શ્રી કેતનભાઇ મહેતા, શ્રી સુમિતભાઇ સિંધવ, શ્રી નિકુંજભાઇ કાકરેચા, શ્રી ધ્રુવભાઇ ગડાધરા, શ્રી મયુભાઇ જેઠવાએ ઉપસ્થિત રહી શ્રી રાજેન્દ્ર ધાખડાની વરણીને આવકારી શુભકામના પાઠવી હતી.

## અમરેલીમાં શ્રીરામ ઐતિહાસિક ચિત્ર સ્પર્ધા યોજાઇ

### અયોધ્યા જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાન રામના જીવન ચરિત્રની રંગોથી કંડાર્યા



અમરેલી,

અમરેલીમાં લાયન્સ કલબ રોયલ દ્વારા અયોધ્યા જન્મ ભુમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ભગવાન શ્રી રામના જીવન ચરિત્રને રંગોથી કંડારવા શ્રીરામ ઐતિહાસિક ચિત્ર સ્પર્ધા સિનીયર સિટીઝન પાર્ક અમરેલી ખાતે ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થી ભાઇ બહેનો માટે યોજાઇ હતી. આ સ્પર્ધામાં મેગા પ્રાઇઝ રૂપિયા ૫૧૦૦ રોકડા અને ઇનામો તથા દ્રિતીય અને તૃતીય સહિત ૨૧ ને રોકડ પુરસ્કાર સાથે ઇનામોની પ્રોત્સાહિત કર્યા હતાં. લાયન્સ કલબ રોયલના ડિસ્ટ્રીકટ ગર્વનર શ્રી વસંતભાઇ મોવલીયા, પ્રમુખશ્રી દિવ્યેશભાઇ વેકરીયા, મંત્રીશ્રી ધર્મેશભાઇ વિસાવળીયા, ખજાનચીશ્રી વિજયભાઇ વસાણી, શ્રી રોહિતભાઇ મહેતા, શ્રી ગૌરવભાઇ પટેલ, શ્રી રિતેષભાઇ સોની, શ્રી અરૂણભાઇ ડેર, શ્રી સંજયભાઇ માલવીયાની જહેમતથી ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## રાજુલા શહેરમાં સાડા ત્રણ કિલોમીટર લાંબી શોભાયાત્રા નીકળી



રાજુલા શહેરમાં ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી સાડા ત્રણ કિમિ લાંબી શીભાયાત્રા શહેરમાં પસાર થઈ હતી વિવિધ મંદિરોમાં પૂજા અર્ચના કરવામાં આવી હતી પોલીસ દ્વારા ચુસ્ત પીલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.આ તકે રાજુલા શહેર ગ્રામ્ય વિસ્તારોમાંથી ભાવિકો ઉમટી પડ્યા હતા.

### અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત

## અમરેલીમાં રામજી મંદિરે અખંડ ધુન યોજાઇ

### ધુન મંડળોએ રમઝટ બોલાવી ભાવિકો જોડાયા : રામમંદિરે દર્શન કર્યા



અમરેલી,અયોધ્યામાં રામ મંદિર મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને અમરેલીના પ્રાચીન એવા રામજી મંદિરે અખંડ ધુનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધુન મંડળોએ અખંડ રામધુનની રમઝટ બોલાવી હતી. ધુન કાર્યક્રમમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં.

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle કેશ બોનસ ₹2100
Super Splendor Xtec કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) કેશ બોનસ ₹2100
Xoom & Pleasure એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન ● રેલ્વે બુકિંગ ● ફ્લાઇટ બુકિંગ ● વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...
સોમનાથ બેસનનું નવુ નજરાણુ
'' સોમનાથ બ્રાન્ડ બેસન''
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે.કરકરો
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

શ્રી ગિરિરાજ હોસ્પિટલ (SGH) રાજકોટના સુપર સ્પેશ્યાલીસ્ટ અનુભવી ડૉક્ટર
દર મહિનાના ચોથા ગુરૂવારે
અમરેલી શહેરમાં તા. ૨૫-૦૧-૨૦૨૪
પેટ અને આંતરડા નાં રોગોનાં નિષ્ણાંત
ડો. દેવાંગ ટાંક
એમ.ડી., ડી.એમ. (ગેસ્ટ્રોએન્ટરોલોજી)
:: સ્થળ ::
ડૉક્ટર હાઉસ
કોલેજ રોડ, સિવિલ હોસ્પિટલની પાછળ, અમરેલી.
સમય :- સવારે ૧૧:૦૦ થી ૧:૦૦
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : ૦૨૭૯૨ ૨૩૧૧૧૨
વધુ માહિતી માટે : ૭૬૦૦૦૭૫૭૭૫
એન્ડોસ્કોપીની તપાસ માટે ભુખ્યા પેટે આવવું.

## ગામડામાં રહેતા યુવાનોની પ્રતિભા બહાર લાવવા અને પ્રોત્સાહિત કરવા

# અમરેલીમાં સાંસદ, સાંસ્કૃતિક ખેલ સ્પર્ધા યોજાઇ

**સાંસદ સાંસ્કૃતિક અને સાંસદ ખેલ સ્પર્ધાનો તાલુકા કક્ષાએથી પ્રારંભ કરાવતા શ્રી દિલીપભાઇ સંઘાણી**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રીપદે હતા ત્યારે ગુજરાતમાં ખેલ મહાકુંભની શરૂઆત ગ્રામ્ય વિસ્તારોમાંથી કરી હતી : શ્રી દિલીપ સંઘાણી**

**મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાનાં માર્ગદર્શન નીચે સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરાયું**










અમરેલી,અમરેલી જિલ્લાના રમતવીરોમાં રહેલી પ્રતિભાનો સૌને પરિચય થાય તથા કલાકારોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાના શુભ હેતુ સાથે રાજયસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય પશુપાલન, મત્સ્યોદ્યોગઅનેડેરીમંત્રીશ્રીપરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શનમાં 'સાંસદ ખેલ સ્પર્ધા અને સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કડીના ભાગરુપે રવિવારે અમરેલી સ્થિત મેડિકલ કોલેજના ઓડિટોરીયમ હોલ ખાતેથી તાલુકા કક્ષાના સાંસ્કૃતિક સ્પર્ધા તેમજ નૂતન હાઈસ્કુલના પ્રાંગણખાતેખેલસ્પર્ધાનોએન.સી.યુ.આઈ., ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં થયો હતો. અમરેલી સ્થિત નૂતન હાઈસ્કુલના પ્રાંગણમાં ટોસ ઉછાળી અને કબડ્ડી ખેલ સ્પર્ધાનો પ્રારંભ કરાવવામાં હતો, ભાતીગળ રાસની પ્રસ્તુતિ સાથે સાંસ્કૃતિક સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન કરતા શ્રી દિલીપભાઈ સંઘાણીએ કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ખેલાડીઓ અને કલાકારોની પ્રતિભા બહાર લાવવા માટે અને તેમને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે તમામ સાંસદશ્રીઓને આ સ્પર્ધા યોજવા માટે સૂચન કર્યુ હતુ. જેના અંતર્ગત રાજયસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને અમરેલી જિલ્લાના વતની શ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા અમરેલી જિલ્લામાં આ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત સાથે પવિત્રતા, પારદર્શિતા, સત્યતા, ખેલદિલી સમાવિષ્ટ હોય છે. રમતગમતથી યાદશક્તિ અને એકાગ્રતામાં ઉમેરો થાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગામડામાં રહેલા યુવાનોની પ્રતિભાને નિખારવા માટે માટે ઓલિમ્પિક કક્ષાના નિયમો સાથે ખેલમહાકુંભની શરુઆત કરાવી હતી. જેથી આગળ જતા આ ખેલાડીઓ રાજ્ય સ્તરે પહોંચી અને ભવિષ્યના સારા ખેલાડીઓ બની શકે. મહત્વનું છે કે, આ સ્પર્ધાઓમાં રામસાગર, ધોળ, હાલરડા, પ્રભાતિયા જેવી સાંસ્કૃતિક કૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે પૈકી ધોળ ગીતોની સ્પર્ધાની શરુઆત અમરેલીથી થઈ છે. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી દિલીપભાઈ સંઘાણીએ ખેલાડીઓ અને કલાકારોને તેમજ તેમના માર્ગદર્શકોને શુભેચ્છાઓ આપી હતી. તાલુકા કક્ષાએ વિજેતા થનારા ખેલાડીઓને આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ સ્થાન મળશે અને જિલ્લા કક્ષાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે. તાલુકા પંચાયત પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિનેશ ગુરવ, અમર ડેરીના ચેરમેનશ્રી અને સ્પર્ધાના સંયોજક અશ્વિનભાઈ સાવલિયા, યુવા વિકાસ અધિકારીશ્રી વી.બી. પરમાર, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી પૂનમબેન ફૂમકિયા, પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી અશરફભાઈ કુરેશી, શ્રી.એસ. આર. અગ્રાવત, શ્રી.એ.બી. બારૈયા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આચાર્યસંઘના પ્રમુખશ્રી, અગ્રણી સર્વ શ્રી મેહુલભાઈ ધોરાજીયા, શ્રી મનિષભાઈ સંઘાણી, શ્રી ભાવનાબેન ગોંડલિયા, શ્રી કાચા તેમજ વિશાળ સંખ્યામાં ખેલાડીઓ અને સ્પર્ધકો, વિદ્યાર્થીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## અયોધ્યામાં રામ પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત સાંસદશ્રી નારણભાઇ કાછડીયાના માર્ગદર્શન નીચે

# સાવરકુંડલાના ચરખડીયામાં રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા નીકળી

**ચરખડીયા ગામમાં સફાઇ અભિયાન, રામધુન અને ૧૦૮ દિવડાની મહાઆરતી, અન્નકોટ સાથે શોભાયાત્રામાં મેદની ઉમટી**

**રાત્રે હનુમાન ચાલીસાના પાઠ અને આતશબાજીએ અદભુત અયોધ્યા જેવો માહોલ સર્જી દીધો: સાંસદશ્રી કાછડીયાની ઉપસ્થિતિ**







અમરેલી,ચરખડિયામાંઅયોધ્યાખાતેરામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી.ચરખડિયા મુકામે ઉજવણી નિમિતે સવારે સફાઈ અભિયાન, રામધુન, ૧૦૮ દિવડાની મહાઆરતી અને અન્નકોટ તથા ગામ ધુમાડાબંધભોજનસમારોહ,દિપપ્રાગટય, હનુમાન ચાલીસાના પાઠ અને રાત્રે આતશબાજી સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. સાંસદશ્રી નારણભાઈ કાછડીયાના માર્ગદર્શન નીચે યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સાવરકુંડલામાં મહાઆરતી યોજાઇ : ભવ્ય શોભાયાત્રા

**ફટાકડાની આતશબાજી : વિવિધ ફ્લોટોનું આયોજન : દેવડાગેટ, હાથસણી રોડથી શોભાયાત્રાઓ નીકળી**





સાવરકુંડલા,સાવરકુંડલા શહેરમાં મહા આરતી આતીષબાજી અને વિવિધ સ્થળોએથી વિરાટ શોભાયાત્રા નીકળી હતી. જેમાંરિદ્ધિસિદ્ધિચોકદેવડાગેટજેસર રોડ અને હાથસણી રોડેથી શોભાયાત્રામાં ટ્રેક્ટરઓમાંવિવિધફ્લોટમાંરામલક્ષ્મણ અનેસીતાના થયા દર્શન થયા.રિદ્ધિસિદ્ધિ ચોકમાં ૧૫હજારથીવધુલોકોનોજમાવડો થયો હતો. મહા આરતીમાં ધારાસભ્ય શ્રી કસવાળા અને કથાકાર ભક્તિબાપુ તેમજ સાધુ સંતો સહિત મહાનુભાવો રહ્યા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મહેશ કસવાળાએ આગામી સમયમાં નાવલી નદી ઉપર રિવરફ્રન્ટ બનાવી તેમની આરતી ઉતરશે તેમ જણાવ્યુંહતુ કાર્યક્રમ અંગે સાવરકુંડલા શહેરમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને ઉત્સવ જોવા મળ્યો હતો. સાવરકુંડલા શહેરની બજારો માનવમહેરામણ થી ઉમટી પડી હત્તી.રામલીલા અને હનુમાનજી ની મહા આરતી ઉતારવામાં આવી હતી.

## અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે

# બાબરામાં વિરાટ શોભાયાત્રા નીકળી : ઠેર ઠેર સ્વાગત

**અમરાપરા રામજી મંદિરથી શહેરના વિવિધ રાજમાર્ગોમાં પસાર થઈ તાપડીયા આશ્રમ ખાતે સમૂહ આરતી**



બાબરા,

બાબરામાં ભગવાન રામની શોભાયાત્રામાંધારાસભ્ય સહિત સ્થાનિક રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં હિંદુઓ જોડાયા હતા શોભાયાત્રા ના રૂટ દરમિયાન દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઠંડા પાણી તેમજ શરબત નું વિતરણ કરવામાં આવ્યુંહતુંબાબરામાં ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રા નું આયોજન સ્થાનિક હિન્દૂ સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું અયોધ્યામાં ભગવાન શ્રી રામ ની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા યોજાય હતી તાપડીયા આશ્રમના મહંત પૂજ્ય ઘનશ્યામ દાસ બાપુ તેમજ મોટા રામજી મંદિર મહંત પૂજ્ય દેવકીનંદન બાપુના રૂડા આશીર્વાદ આયોજિત ભગવાન શ્રી રામ ની શોભાયાત્રા વિશાલ યોજાય હતી અહીં અમરાંપરા ખાતે આવેલ શ્રી રામ મંદિર થી શોભાયાત્રાનું પ્રસ્થાન બપોરે ત્રણ કરવામાં આવ્યુંહતું જે નાના બસ સ્ટેન્ડ થઈ સરદાર સર્કલ તેમજ ધરાપરા, શિવાજી ચોક, નાગરિક બેન્ક ચોક, કાંકરિયા ચોરા, થઈ તાપડીયા આશ્રમ ખાતે સમૂહ આરતી બાદ સમાપન કરવામાં આવીહતી ભગવાન શ્રી રામ ની ભવ્ય શોભાયાત્રા દરમિયાન બાબરા પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

# વડીયામાં આતીશબાજી : ભવ્ય શોભાયાત્રા નીકળી

**રામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનના પાત્ર સાથે શોભાયાત્રા : બાવકુભાઇ ઉંધાડ, કૌશીકભાઇ વેકરીયાની ઉપસ્થિતી**



વડીયા,(ભીખુભાઈ વોરા)જય શ્રી રામ ના નારા, શણગારેલા રથ અને આતિશબાજી સાથે વડિયામાં વિશાળ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન ના પાત્ર સાથે રથ શણગાર સાથે શોભાયાત્રા નીકળી જેમા સાથે અનેક ટ્રેક્ટર પણ જોડાયા હતા. મોટી સંખ્યા માં વડિયા વાસીઓ એ શોભાયાત્રા માં ભાગ લીધો : પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી બાવકુભાઈ ઊંધાડ ની આગેવાનીમાં શોભાયાત્રા નીકળી હતી. જેમાં શ્રી કૌશીકભાઈ વેકરીયા, શ્રી બાવકુભાઈ ઉંધાડ જોડાયા હતા. ઠેર ઠેર ચા, પાણી, ઠંડાપીણા, નાસ્તા ના સ્ટોલ લાગ્યા હતા સમગ્ર વડિયા માં જય શ્રી રામ ના નારા ગુંજ્યા હતા. લોકો પણ મન મૂકીને શોભાયાત્રામાં રામમય બન્યા હતા. બે કિલોમીટર જેટલી શોભાયાત્રા માં પગપાળા ચાલી લોકો, નેતાઓ અને સંતોએ હાજરી આપી હતી. વડિયા ગ્રામપંચાયત દ્વારા સફળ આયોજન કરી પોલીસ ના ચુસ્ત બંધોબસ્ત વચ્ચે શાંતિ પ્રિય મહોલમાં શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં હિન્દૂ મુસ્લિમ ધર્મ ના લોકો એ રામ મંદિર ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને ઉજવી કોમી એકતા નુ ઉદાહરણ પૂરું પાડ્યુંહતુ.

# સલડીના વતની શ્રી અમીત મહેતાને પીએચડીની પદવી એનાયત

**આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્ટસ ઓટોમેશનમાં સંશોધન કર્યુ**



અમરેલી,

મૂળ સલડી- અમરેલીના હાલ દાલમિયા સિમેન્ટ ભારત લિમિટેડ ચન્દ્રપુર-મહારાષ્ટ્રમાં આસિ. જનરલ મેનેજર (એજીએમ)માં ફરજ બજવતા અમિતકુમાર રસિકલાલ મહેતાને કોમનવેલ્થ વોકેશનલ યુનિ. દ્વારા ઈન્ડસ્ટ્રીઝ ૪.૦ વિષય પર સમગ્ર ભારતીય ઉત્પાદન ઉદ્યોગના કેસોને આવરી લેતા મેનેજમેન્ટ ડિસિપ્લિનમાં તેમના સંશોધન માટે પીએચ.ડી.ની ડોકટરેકટ પદવી હોટલ કન્ટ્રી ઈન ગોવામાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને અન્ય મહાનુભાવોના હસ્તે એવોર્ડ સમારોહમાં અપાઈ હતી. વિશેષ પુરસ્કૃત વિષયમાં તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઓટોમેશન પર પણ સંશોધન કર્યું છે.

# જાફરાબાદમાં રામજી મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નીકળી

**હિંદુઓ સાથે શોભાયાત્રામાં વિશાળ સંખ્યામાં મુસ્લિમ સમાજ પણ જોડાયો : ધારાસભ્યની ઉપસ્થિતી**



જાફરાબાદ,

જાફરાબાદ શહેરમાં ૧.૫ ંસ લાંબી શોભાયાત્રામાં મુસ્લિમ સમાજ પણ જોડાયો હિંદુ મુસ્લિમ સાથે ભગવાન શ્રીરામના વધામણા કર્યા હતા જાફરાબાદ શહેરમાં આજરોજ બપોરે ૪:૦૦ વાગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના નિવાસ્થાને આવેલ ભવ્ય શ્રી રામજી મંદિરના સાનિ જેવા પૂજા અર્ચના કરે સ્વભાવ યાત્રા નીકળી હતી ચાલી હતી રામજી મંદિરે આ શોભાયાત્રા સંપન્ન થવા પામી હતી જયાં વરસાદની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી અત્રે નોંધણી એ બાબત છે કે દોઢ કિલોમીટર સુધી ચાલેલી આ શોભાયાત્રામાં પહોળી સંખ્યામાં મુસ્લિમ સમાજ પણ આ શોભાયાત્રામાં જોડાયો હતો અને અયોધ્યામાં ભગવાન શ્રીરામના પ્રાણ પ્રતિષ્ઠાને મુસ્લિમ સમાજ પણ આવકાર્યો હતો.

# અમરેલીમાં એડવોકેટ જે.આર. વાળાની ઓફિસનો પ્રારંભ

## ઉદઘાટન કાર્યક્રમમાં સ્નેહિ મિત્રો, એડવોકેટો તથા કોર્ટના સ્ટાફ સહિતની ઉપસ્થિતી



અમરેલી,અમરેલી જિલ્લા પંચાયત રોડે આવેલજુનાયાર્ડનાસરદારશોપિંગસેન્ટરમાં અમરેલીનાએડવોકેટજે.આર.વાળાનીનવી ઓફિસનોપ્રારંભથતાંપરિવારજનો,સગા, સ્નેહીમિત્રો,અમરેલીબારએસોશિએશનના હોદેદારો, એડવોકેટો તથા કોર્ટનો સ્ટાફ ઉપસ્થિતરહીશ્રીજે.આર.વાળાનેશુભેચ્છા વ્યકત કરી હતી.

# ધારીના આંબરડી સફારીપાર્કનું આજે લોકાર્પણ કરાશે

## વનમંત્રીશ્રી મુળુભાઇ બેરા અને ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયાના હસ્તે લોકાર્પણ

ધારી,ભારત ના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાત રાજ્ય ના મૃદુ ને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી ના નેતૃત્વ માં ધારી તાલુકાના નવનિર્મિત સફારીપાર્ક નું લોકાર્પણ તારીખ ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ સાંજે ૫-૦૦ કલાકે સફારી પાર્ક ખાતે વનમંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ ધારી-બગસરાના ધારાસભ્યશ્રી જે.વી કાકડીયાના વરદ હસ્તે કરવામાં આવશે.

**નામ બદલાવેલ છે**

આથી હું ચરખીયા ફરીદાબેન મુસ્તુફાભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ચરખીઆ ફરીદા મુસ્તુફા માંથી બદલાવીને ચરખીયા ફરીદાબેન મુસ્તુફાભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું ચરખીયા ફરીદાબેન મુસ્તુફાભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : ચરખીયા ફરીદાબેન મુસ્તુફાભાઇ

એડ્રેસ : નદીપરા કિશોરીબાગ, બુરહાની હાઉસીંગ સોસાયટી, મુ.બગસરા, જી.અમરેલી ૩૬૫૪૪૦, ગુજરાત, ઇન્ડીયા

**નામ બદલાવેલ છે**

આથી હું ચરખીયા મુસ્તુફાભાઇ સૈફુદીનભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ચરખીઆ મુસ્તુફા સૈફુદીનભાઇ માંથી બદલાવીને ચરખીયા મુસ્તુફાભાઇ સૈફુદીનભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું ચરખીયા મુસ્તુફાભાઇ સૈફુદીનભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : ચરખીયા મુસ્તુફાભાઇ સૈફુદીનભાઇ

એડ્રેસ : નદીપરા કિશોરીબાગ, બુરહાની હાઉસીંગ સોસાયટી, મુ.બગસરા, જી.અમરેલી ૩૬૫૪૪૦, ગુજરાત, ઇન્ડીયા

## સુરતના હીરા વેપારી લાઠી પરિવારે અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિર માટે ૧૦૧ કિલો સોનું દાન કર્યું


શુટીગ-શર્ટીગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ..
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર
સ્થળ : ચોથો માળ, નવા બસ સ્ટેન્ડની સામે, સિટી પોઈન્ટ કોમ્પલેક્ષ, ચકાભાઇ ભેળવાળાની ઉપર, અમરેલી. Mo. 94099 29395
વિનામૂલ્યે રોજગારી તથા સ્વાવલંબન મેળવવા માટે પ્રશિક્ષણ મેળવવા ૫ પાસ/૮ પાસ/૧૦ પાસ/૧૨ પાસ તથા સ્નાતક કોઈપણ વ્યક્તિ માટે સુવર્ણ તક...
૧૫ થી ૪૫ વર્ષનાં કોઇપણ વ્યક્તિ આ કોર્ષ કરી શકશે
• ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ નો કોર્ષ બિલકુલ ફ્રી
• ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ
• નોકરીની તક ૨,૦૦,૦૦૦ નો વીમો ૩ વર્ષ માટે બિલકુલ ફ્રી
ફ્રી

| ક્રમ | કોર્ષ |
|---|---|
| ૧. | બ્યુટી પાર્લર |
| ૨. | સિવણ કામ |

ફ્રી
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્ય શરૂ છે.
વધુ માહિતી માટે કોલ કરો : Mo. 94099 29395
એડમિશન સમય : સવારે ૧૦ થી સાંજે ૫ સુધી સંસ્થા પર આવીને રૂબરૂ મળવું.
જરૂરી પુરાવા : આધાર કાર્ડની કલર ઝેરોક્ષ-૨, બેંક પાસબુક ઝેરોક્ષ-૧, માર્કશીટ ઝેરોક્ષ-૧, ફોટા-૨

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સુવિધા :
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અદ્યતન ઓપરેશન થીયેટર
● ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
● ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
● આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
● આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
● સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
● દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦


હાર્દિક અભિનંદન
શ્રી જયદીપભાઇ આર. વાળા
સેક્રેટરીશ્રી
અમરેલી જિલ્લા વકીલ મંડળ
અમરેલી જિલ્લા વકીલ મંડળના સેક્રેટરી તેમજ અમારા ભાણેજ
શ્રી જે.આર. વાળા
એ પોતાની નવી ઓફીસ ચાલુ કરી પ્રગતિની કેડી ઉપર પ્રથમ ડગ માંડેલ છે ત્યારે તેઓ પોતાના વ્યવસાયમાં ખુબ પ્રગતિ કરતા રહે તેવી ભગવાન સુર્યનારાયણને પ્રાર્થના તેમજ તેઓશ્રીને ખુબ ખુબ અભિનંદન.
-:: શુભેચ્છક ::-
રાજુભાઇ જે.શેખવા
તેમજ પરિવાર જનો

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥

વિન્ટર કલેકશન
એક જ ભાવ
M to 5XL સુધી બધુંજ
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, હુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf

Car Stand
Wall Decor Frame
Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

સોનાની લગડી જેવા અતિ મોકાના પ્લોટ વેચવાના છે
અમરેલીના હદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે
માત્ર જુજ પ્લોટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો
આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું
સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ
-:: સંપર્ક ::-
હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧
સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

## અવધમાં શ્રી રામલલ્લા ના પ્રતિષ્ઠા અવસરે

# લીલીયા રામમય બન્યું : ઐતિહાસિક શોભાયાત્રા

**લીલીયાના રાજમાર્ગો ઉપર રામલલ્લાની શોભાયાત્રામાં જોડાઇ હજારો ભાવીકો ભાવવિભોર બન્યા : સર્વત્ર આનંદ છવાયો**

તસ્વીર : મહેશ દવે













## પાંચાળ પ્રદેશમાં રામજીનો અનેરો મહીમા

# બાબરામાં શ્રી રામજીની અલૌકીક દિવ્ય સવારી

### ભવ્ય વિશાળ શોભાયાત્રામાં પાંચ હજાર કરતા વધુ ભાવીકો ઉમટયા : ધારાસભ્ય શ્રી જનક તળાવિયાની ઉપસ્થિતિ

તસ્વીર : દિપક કનૈયા













### બગસરાના મોભી શ્રી રશ્વીન ડોડીયા, શ્રી મુનાભાઇ સહિતના આગેવાનો ખડેપગે

# સોળેય શણગાર સજીને બગસરા રામમય બન્યું

**બગસરામાં શેરીએ શેરીએ સુશોભન કરાયું : સાથીયા અને રંગોળી પુરાયા : મંદિરોને શણગારાયા : ભવ્ય ઉત્સવ**



તસ્વીર : રૂપેશ રૂપારેલીયા









## સનાતન ધર્મના ગઢ જેવી લાઠી નગરીમાં અનેરો ઉત્સાહ છવાયો

# રામના કેસરિયા રંગે રંગાતી કલાપી નગરી લાઠી

**શક્તિ સ્વરૂપા બહેનોએ રાસોત્સવ રચ્યો : જ્યા નજર કરો ત્યા કેસરીયો રંગ છવાયો : સર્વત્ર ભવ્ય આતીશબાજી**

તસ્વીર : વિશાલ ડોડીયા









## ધારાસભ્ય શ્રી મહેશ કસવાળા કુંડલામાં સતત ખડેપગે

# કુંડલામાં ભવ્ય આતિશબાજી : દિવ્ય મહાઆરતી

**સાવરકુંડલાના રીધ્ધી સિધ્ધી ચોકમાં બાળકો રામ લક્ષ્મણ બન્યા : સર્વત્ર ઉમંગ અને ઉત્સાહથી ધર્મમયી વાતાવરણ**


તસ્વીર : ધર્મેન્દ્ર મહેતા


















## રાજુલામાં સજ્જડ પોલીસ બંદોબસ્ત વચ્ચે શોભાયાત્રામાં રામજીના ભકતો ઉમટયા

# વિરાટ શોભાયાત્રા સાથે રામના રંગે રંગાયું રાજુલા

## રાજુલામાં મુખ્ય બજારોમાં ધજા પતાકા લહેરાયા : શોભાયાત્રા તથા મહાઆરતી સાથે રાત્રે ભવ્ય આતીશબાજી થઇ

તસ્વીર : જયદેવ વરૂ









